# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તા: ૦૮/૧૨/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બરની રજૂઆત ફળી, ઔદ્યોગિક હેતુ માટેના બાંધકામ માટે FSIને ૧ થી વધારીને ૧.૬ કરાયો

## ગુજરાતના રાજ્ય કક્ષાના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રી વિનોદ મોરડીયાને FSI ને ૧ થી વધારીને ૧.૮ કરવામાં આવે તેવી રજૂઆત કરાઇ હતી

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા તા. ૨૭ ઓકટોબર, ૨૦૨૧ના રોજ ગુજરાતના રાજ્ય કક્ષાના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રી વિનોદ મોરડીયાને ઔદ્યોગિક હેતુ માટેના બાંધકામ માટે FSIને ૧ થી વધારીને ૧.૮ FSI કરવામાં આવે તેવી લેખિતમાં રજૂઆત પાઠવવામાં આવી હતી. આ અનુસંધાને ગુજરાતના શહેરી વિકાસ મંત્રાલય દ્વારા એક પરિપત્ર બહાર પાડવામાં આવ્યું છે. જેમાં ઔદ્યોગિક હેતુ માટેના બાંધકામ માટે ૧.૬ FSIની મંજૂરી આપવામાં આવી છે.

ચેમ્બરના પ્રમુખ આશીષ ગુજરાતીએ જણાવ્યું હતું કે, ઔદ્યોગિક હેતુ માટેના બાંધકામ માટે ૧.૬ FSIની જે મંજૂરી આપવામાં આવી છે તેને કારણે ઔદ્યોગિક બાંધકામનો ખર્ચ ઘટી શકશે અને પ્રોજેકટ કોસ્ટમાં ઘટાડો થશે. આથી ઔદ્યોગિક ક્ષેત્રે નવું રોકાણ કરનારા ઉદ્યોગકારોને ઘણી રાહત થઇ જશે. આ તકે તેમણે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ તેમજ સાંસદ સી.આર. પાટીલ અને રાજ્ય કક્ષાના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રી વિનોદ મોરડીયાનો આભાર માન્યો હતો.